## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને દિનકર સીડસ પ્રા. લી., હિમ્મતનગર સાથે થયેલ સમજૂતી કરાર

આજ રોજ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર દ્વારા સંશોધિત ભીંડાની જાત "ગુજરાત આણંદ ભીંડા ૫" (જીએઓ-૫)ના ખેડૂતોના હિતમાં બહોળા વપરાશ અર્થે દિનકર સીડસ પ્રા. લી., હિમ્મતનગર સાથે ડૉ.આર.આર.આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી), મુ.શા.સં.કે., આ.કૃ.યુ., આણંદ દ્વારા માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાની હાજરીમાં સમજૂતી કરાર કરવામાં આવેલ.

આ સમજૂતી કરારમાં ઉપસ્થિત માનનીય ડૉ. કે. બી. કથીરીયા, કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ દ્વારા ભીંડાની જાત "ગુજરાત આણંદ ભીંડા ૫" જેને વિકસાવવામાં એમનો અગત્યનો ફાળો છે, તેની ઉત્પત્તિ અંગેનો ઘટનાક્રમ અને જુદી જુદી લાક્ષણિકતાઓ વિશે વિગતવાર માહિતી આપેલ. તેમજ મેનેજીંગ ડાયેરેકટરશ્રી, દિનકર સીડસ પ્રા. લી., હિમ્મતનગરને આ જાતના બહોળા પ્રચાર તેમજ પેરેન્ટ તરીકે વપરાશ કરી વધુ ઉત્પાદન આપતી અને પીળી નસના રોગ સામે પ્રતિકારકતા ધરાવતી સંકર જાતો વિકસાવીને ખેડૂતો સુધી પહોંચાડવા અનુરોધ કરેલ અને સમજૂતી કરાર માટે અભિનંદન પાઠવેલ.

ડાં. એમ. કે. ઝાલા, માનનીય સંશોધન નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ દ્વારા સમજૂતી કરારના જુદા જુદા મુદ્દાઓ વિશે વિસ્તૃત માહિતી આપેલ તેમજ આ.કૃ.યુ., આણંદ દ્વારા સંશોધિત ભીંડાની જાત ગુજરાત આણંદ ભીંડા ૫ ના વપરાશના સમજૂતી કરાર માટે આનંદની લાગણી વ્યકત કરેલ.

આ પ્રસંગમાં ડૉ. એચ. બી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, શ્રી આર. એચ. ગોંડલીયા, હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ તેમજ મેનેજીંગ ડાયેરેકટર, દિનકર સીડસ પ્રા. લી., હિમ્મતનગર તથા મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના અન્ય વૈજ્ઞાનિકશ્રીઓની હાજરીમાં આ સમજુતી કરાર કરવામાં આવેલ.

આ સમજુતી કરાર થવાથી આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસિત ભિંડાની જાત ગુજરાત આણંદ ભીંડા - ૫ ખેડુતોને સરળતાથી ઉપલબ્ધ થશે અને ભિંડાના ઉત્પાદનમાં વધારો થવાથી ખેડુતોની આવકમાં પણ વધારો થશે.


ANAND AGRICULTURAL UNIVERSITY
PULL
Dr. K. B. Kathiria
ANAND AGRICULTURAL UNIVERSITY
AAU
kinley